## પરમ પૂજ્ય સ્વામીશ્રી દયાનંદ સરસ્વતીજી
## (૧૫મી ઓગષ્ટ ૧૯૩૦-૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૫)

પૂજ્ય સ્વામી દયાનંદ સરસ્વતીજી બ્રહ્મવિદ્યાના પરંપરાગત આચાર્ય હતા, વેદાંત અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા અને આજના આધુનિક યુગના હિંદુ ધર્મની વૈદિક સંસ્કૃતિના મોખરાના આચાર્યોમાંના એક આચાર્ય હતા. તેઓશ્રીનો વેદાંતનો ઉપદેશ અત્યંત સરળ, સ્પષ્ટ અને મનુષ્યના રોજબરોજના જીવનના અનુભવોને સુંદર રીતે વિશેષ દૃષ્ટિ પ્રદાન કરનાર હતો. પરંતુ, પૂજ્ય સ્વામીજીનો ઉપદેશ વેદાંતદર્શનનો શાબ્દિક ઉપદેશ માત્ર ન હતો. તેમનું જ્ઞાનપ્રદાન કરવાનું કૌશલ્ય અનુપમ હતું. દરેક શ્રોતા કે શિષ્ય ઉપનિષદોનું સત્ય સરળતાથી અને સ્પષ્ટતાથી જોઈ શકે, સમજી શકે તે પ્રકારે તેઓ ઉપદેશ કરતા અને સમજાવતા હતા. વેદાંત અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન ઉપરાંત તેઓ સાંપ્રતકાળની વિવિધ વિષયો, જેવા કે, મેનેજમેન્ટ, નીતિ-નિયમો અને કાયદાઓ, શિક્ષણવિજ્ઞાન, મનોવિજ્ઞાન, માનવ-અધિકાર, પર્યાવરણનું પ્રદુષણ, વગેરેના જાણકાર હતા. આ કારણથી જ ધરતી પરના કોઈ પણ દેશના વિચારશીલ આધુનિક મનુષ્યને સ્પર્શી જાય તેવી શૈલીમાં તેઓશ્રી જ્ઞાન પ્રદાન કરી શકતા હતા. આ પ્રકારે પૂજ્ય સ્વામીજી પ્રાચીનકાળ અને અર્વાચીનકાળનું બૌદ્ધિક અંતર પૂરીને વિચારશીલ આધુનિક મનુષ્ય માટે આ ઉપનિષદોનું જ્ઞાન ઉપલબ્ધ કરાવતા હતા.

તેઓશ્રી તામીળ નાડુ રાજ્યના તાંજોર જિલ્લાના ચુસ્ત બ્રાહ્મણ ગામના હતા. ચેન્નાઈમાં પત્રકાર તરીકે ફરજ બજાવતા અચાનક જ તેઓશ્રી સ્વામીશ્રી ચિન્મયાનંદજી દ્વારા વેદાંતના સંપર્કમાં આવ્યા હતા. આ ઘટના જ તેમને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે હિમાલય જવા પ્રેરણાદાયી બની. વર્ષ ૧૯૬૨ની મહાશિવરાત્રીના પવિત્ર દિને સ્વામીશ્રી ચિન્મયાનંદજીએ ચેન્નાઈમાં તેઓશ્રીને સંન્યાસ દીક્ષા આપી હતી. ત્યાર બાદ તેઓશ્રીએ ઋષિકેશમાં વેદાંતશાસ્ત્રના આચાર્ય પૂજ્ય સ્વામીશ્રી તારાનંદગિરિજી પાસે મુનિ વેદવ્યાસજી રચિત, ઉપનિષદના સારસ્વરૂપ બ્રહ્મસૂત્રોનું તેમણે ગહન અધ્યયન કર્યું હતું. સાથે સાથે તેમણે શાસ્ત્ર સંબંધિત વ્યાકરણ, ન્યાય વગેરે અન્ય વિષયોમાં પણ વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. સાંપ્રતકાળના મોટા ભાગેના વેદાંતાચાર્યોનો ઉપદેશ પરંપરાગત અને યોગ્ય હોવા છતાં, તે ઉપદેશ અત્યારનો આધુનિક વિચારસરણી ધરાવનાર માનવી સમજી શકે અને આત્મસાત્ કરી પોતાના જીવનમાં ઊતારી શકે તેવો હોતો નથી.

વેદાંતદર્શનના આચાર્યો તૈયાર કરવા માટે અત્યાર સુધીમાં તેઓશ્રીએ વેદાંતના ગહન અધ્યાપન માટે ત્રિવર્ષીય છ અભ્યાસક્રમો - બે અમેરિકામાં અને ચાર ભારતમાં કર્યા હતા. દરેક અભ્યાસક્રમમાં સરેરાશ સાઠ બ્રહ્મચારી-બ્રહ્મચારિણીઓને નિષ્ઠાપૂર્વક આદિ શંકરાચાર્યજીની પ્રસ્થાનત્રયી - ભગવદ્‌ગીતા, ઉપનિષદ અને બ્રહ્મસૂત્ર પરના શાકરભાષ્યનું પારંપારિક પદ્ધતિથી અધ્યયન કરાવવામાં આવ્યું હતું. તે ઉપરાંત વિદ્યાર્થીઓને પાણિની વ્યાકરણના આધારે સંસ્કૃત ભાષાનો ગહન અભ્યાસ અને વેદપઠન પણ કરાવવામાં આવ્યા હતા. માનવજાતિ માટે આ પ્રકારનું મહત્ત્વપૂર્ણ કાર્ય તેમણે વેદાંત અને સંસ્કૃતના ત્રણ વર્ષના છ અભ્યાસક્રમો દ્વારા સિદ્ધ કર્યું છે. પૂજ્ય સ્વામીજી સાથે આશ્રમમાં રહીને વિદ્યાર્થીઓ ઉપનિષદોનું અધ્યયન અને તે જ્ઞાનપ્રદાન કરવાની કુશળતાઓ ઉપરાંત, તેઓ પોતાના જીવનને આ પરંપરાગત બ્રહ્મવિદ્યાના અધ્યયન અને અધ્યાપનને સમર્પિત કરી શકવાની કુશળતાઓ પણ પ્રાપ્ત કરે છે. હાલમાં તેમના અનેક સંન્યાસી કે ગૃહસ્થ શિષ્યો નિષ્ઠાપૂર્વક દેશ-વિદેશમાં અંગ્રેજી અને પોતપોતાની માતૃભાષામાં નિયમિત વેદાંતનું અધ્યાપન કરી રહ્યા છે. પૂજ્ય સ્વામીજીનો આ પરંપરાગત વેદાંતદર્શનના ઉપદેશ માટેનો અતિમહત્ત્વનો ફાળો છે. તેઓશ્રીએ સંપૂર્ણ જીવન વેદાંતના પારંપરિક ઉપદેશના પ્રસાર-પ્રચારમાં જ સમર્પિત કર્યું હતું. હિંદુ ધર્મની સાચી દૃષ્ટિ અને વેદાંતના ઉપદેશનું પ્રતિપાદન કરવામાં તેઓશ્રી આદિ શંકરાચાર્યજીના મૂર્તસ્વરૂપ હતા.

આ પ્રકારે વેદાંતદર્શનના અધ્યયન અને વૈદિક સંસ્કૃતિના પ્રચાર માટે તેઓશ્રીએ અત્યાર સુધીમાં વેદાંતના અધ્યયન અને અધ્યાપન માટે ચાર આશ્રમોની સ્થાપના કરી છે, જેમાંથી ત્રણ ભારતમાં - ઋષીકેશ (ઉત્તરાખંડ), કોઈમ્બતુર (તામીળનાડુ) અને નાગપુર (મહારાષ્ટ્ર)માં તથા અમેરિકામાં કાર્યરત છે. પ્રથમ આશ્રમ ઋષિકેશમાં ગંગાકિનારે **સ્વામી દયાનંદ આશ્રમ** છે જે વેદાંતનું વધુ અધ્યયન કરવા માટેનું અને વેદાંતના શિબિરોનું આયોજન કરવા માટેનું ઉત્તમ સ્થાન છે. તામીળ નાડુ રાજ્યના કોઈમ્બતુર શહેરથી ચાલીસેક કિલોમીટર પર આન્નાઈકટીમાં સુંદર નીલગિરિ પર્વતમાળાની મધ્યમાં તેઓશ્રીએ **૧૯૯૦માં આર્ષ વિદ્યા ગુરુકુલમ્**ની સ્થાપના કરી હતી. અત્યાર સુધીમાં ગુરુકુલમ્‌માં પાંચ પ્રસ્થાન-ત્રયી અભ્યાસ-ક્રમો પૂર્ણ થયા છે. વર્ષોથી અમેરિકાના સુંદર પોકોનો પર્વતમાળાની મધ્યમાં પેન્સિલ્વેનિયા રાજ્યના સેલર્સ્બર્ગ નામના ગામમાં તેઓશ્રીએ **૧૯૮૫માં આર્ષ વિદ્યા ગુરુકુલમ્**ની સ્થાપના કરી હતી. તે આશ્રમ પણ પશ્ચિમ દેશોમાં વેદાંતદર્શનના અભ્યાસ, વૈદિક સંસ્કૃતિના પ્રચાર અને શિબિરોના આયોજન માટેનું વિશેષ સ્થાન છે. મહારાષ્ટ્રમાં ગામ રિક્ત વેદપુરી, રાઉલગાંવ, તાલુકા કટોલ, જિલ્લો નાગપુર